**આંક :–** ૩૩

| | | | | |
|---|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | :– | ૨૪–૦૯–૨૦૧૩ | | |
| કેસ નોંધ્યા તારીખ | :– | ૨૪–૦૯–૨૦૧૩ | | |
| કેસ ફેસલ તારીખ | :– | ૧૦– ૧૦–૨૦૨૨ | | |
| સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૯ | –– | ૧૬ |

---

# દાહોદ જીલ્લાની એડીશ્નલ સેશન્સ કોર્ટ,
## મુ.લીમખેડા, જી.દાહોદ

---

સેશન્સ કેસ (જુનો)નં.૧૩૦/૨૦૧૩

**સેશન્સ કેસ (નવો)નં.૨૫/૨૦૧૭**

શ્રી સરકાર **..... ફરીયાદી.**

**વિ રૂ દ્ધ.**

કલેશભાઈ માધુભાઈ ભુરીયા

ઉ.વ.૩૦, ધંધો– ખેતી,

રહે.બીલીયા, તા.ધાનપુર, જી.દાહોદ.

**....તહોમતદાર.**

ગુનો :– **ઈ.પી.કો.કલમ– ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબ.**

---

સરકાર તર્ફેના વિ.એ.પી.પી. શ્રી એસ.બી.ચૌહાણ

આરોપી પક્ષ તર્ફેના વિ. વકીલ શ્રી એ.વી.ચૌહાણ

-----------------------------------

## -:: જ જ મે ન્ટ ::-

(૧) આ કામના ફરીયાદીએ તા.૧/૫/૨૦૧૧ ના રોજ બનેલા બનાવ સબંધે તા.૧/૫/૨૦૧૧ ના રોજ દે.બારીયા પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા ચોર માણસો વિરૂધ્ધ ફરીયાદ કરતા દે.બારીયા પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૬૭/૨૦૧૧, ઈ.પી.કો.ક.૩૯૪ મુજબનો ગુનો નોંધી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ દે.બારીયા જયુડી. મેજી. ફ. ક. કોર્ટમાં રજુ કરેલ. જે ફોજદારી કેસ નં.૩૬૦/૨૦૧૩ થી નોંધવામાં આવેલ. સદરહું ગુનો ઈ.પી.કો. કલમ-૩૯૫, ૩૯૭ વિગેરે મુજબનો હોય, દે.બારીયાના જયુડી. મેજી. ફ. ક. શ્રીને ગુનાની કાર્યવાહી ચલાવવાની સત્તા ના હોય અને સદરહું કેસ ક્રિ.પ્રો. કો.ક.૨૦૯ અંતર્ગત પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, દાહોદને કમીટ કરવામાં આવેલ જયાં તે સેશન્સ કેસ (જુનો)નં.૧૩૦/૧૩ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ લીમખેડા ખાતે એડીશ્નલ સેશન્સ અદાલતની સ્થાપના થતા અને સદરહું કેસ લીમખેડા હકુમતમાં આવતો હોય અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલ જે સેશન્સ કેસ (નવો) નં.૨૫/૧૭ થી નોંધાયેલ અને ત્યારબાદ આગળની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદની ટૂંકમાં હકીકત ધ્યાને લઈએ તો આ કામના ફરીયાદી

સલીમભાઈ અહેમદભાઈ ભીમલા(મુસ્લમાન), રહે.ધાનપુર રોડ, દે.બારીયાનાએ તા.૧/૫/૨૦૧૧ ના રોજ દે.બારીયા પોલીસ સ્ટેશનમાં લખાવેલ ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે તા.૩૦/૪/૧૧ ના રોજ રાતના અગીયાર વાગ્યાના સુમારે જમી પરવારી હું મારા કુટુંબ સાથે મારા ઘરે નીચેના ભાગે રૂમમાં સુઈ ગયેલ અને મારો ભાઈ હુસેનભાઈ તેના પરીવાર સાથે બાજુના રૂમમાં સુઈ ગયેલ અને મેડા ઉપર મારા મોટા ભાઈ મહેબુબભાઈ તથા મા અમીનાબીની તથા ભત્રીજો સુફીયાન એ રીતેના મેડા ઉપર સુઈ ગયેલા દરમ્યાન તા.૧/૫/૨૦૧૧ ના વહેલી પરોઢના રાતના દોઢ બે વાગ્યાના સુમારે અમારા ઘરના મેડા ઉપર ધબાધબીનો અવાજ આવતા હું મેડા ઉપર ગયેલો અને જોયેલ તો મહેબુબભાઈને ચાર માણસો મારતા હતા અને મને જોઈ મને પણ મારવા લાગેલા અને તેઓ ઘરના પાછળના દરવાજે નીકળી વરંડો કુદી જતા રહેલા. આ બનાવ અંગે મારી મા અમીનાબીબીના કહેવાથી જાણેલું કે ચાર માણસો ઘરમાં આવી તેઓ સુતા હતા તે રૂમમાં મુકેલ તિજોરી કબાટમાંથી મુકેલ રૂા.૭૬,૫૦૦/- ની ચલણી નોટો લઈ ગયેલ છે. તે સિવાય સોના ચાંદીના દાગીના કે બીજું કઈ લઈ ગયેલ નથી અને આ ચોર લોકોએ ઘરનો સામાન વેરણ છેરણ કરેલ છે. તેમજ મારા ભાઈ મહેબુબભાઈને માર મારેલ હોય તેમજ ભત્રીજા સુફીયાનને માર મારેલ હોય તેમજ મારી મા અમીનાબીબીને માર મારેલ હોય તેઓને દે.બારીયા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને આ ચોર લુંટારાઓને જોયેથી ઓળખું છે અને મને જાણવા મળેલ કે અમારા

ઘરની બાજુમાં બીજા મહોલ્લામાં પાંચ મકાનના તાળા તુટેલ છે તો આ ચોર લુંટારાઓ વિરૂધ્ધ કાયદેસરની તપાસ થવા ફરીયાદ છે.

(૩) સદર કામે આરોપી વિરૂધ્ધ આ ગુન્હાનું તહોમતનામું ફરમાવી શકાય તેટલા પુરતી વિગતો જણાઈ આવતા તા.૨૨/૭/૧૭ ના રોજ મારા અગાઉના વિ. ન્યાયાધીશશ્રી દ્વારા આરોપી વિરૂધ્ધ આંક–૨ થી ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના ગુનાનું તહોમત ઘડી આરોપીને તહોમતનામું વાંચી સંભળાવી તે મુજબનો આક્ષેપ કબુલ છે કેમ? તેમ પુછતા અને આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ ન હોય આરોપીની આંક–૩ થી પ્લી નોંધવામાં આવેલ છે અને આરોપીએ ગુનાના આક્ષેપો કબુલ કરતા ના હોય ક્રિ. પ્રો. કો. ક. ૨૩૧ અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોય ફરીયાદ પક્ષે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ અને સાહેદોના નિવેદનો ધ્યાને લઈ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં | આંક | સાહેદનું નામ. |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી સલીમભાઈ અહેમદભાઈ ભીમલાની જુબાની. |
| ૨ | ૧૦ | સાહેદ સુફીયાન તૈયબભાઈ ભીમલાની જુબાની. |
| ૩ | ૧૪ | સાહેદ રીયાઝભાઈ અહેમદભાઈ ભીમલાની જુબાની. |

| | | |
|---|---|---|
| ૪ | ૧૬ | સાહેદ પારસભાઈ શીરીષભાઈ પટેલની જુબાની. |
| ૫ | ૧૯ | સાહેદ જશવંતસીંહ સામંતસીંહ ચૌહાણની જુબાની. |
| ૬ | ૨૦ | સાહેદ રાકેશભાઈ સોમાભાઈ ભુરીયાની જુબાની. |
| ૭ | ૨૩ | સાહેદ ઈકબાલ ગુલામહૈદર મનસુરીની જુબાની. |
| ૮ | ૨૯ | સાહેદ અશ્વીનકુમાર રતનસીંહ તડવીની જુબાની. |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં | આંક | દસ્તાવેજનું નામ. |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ. |
| ૨ | ૦૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩ | ૦૯ | ડોગ હેન્ડલર દ્વારા ડોગને ટ્રેકીંગ કરાવવા અંગેનું પંચનામું. |

(૫) ફરીયાદ પક્ષ તર્ફે આંક–૩૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે. ઉપર મુજબના લેખીત અને મૌખિક પુરાવા રજુ થયા બાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવી.

(૬) ત્યારબાદ આરોપીને તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી હકિકત અંગે ખુલાસો કરી શકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યકતા હોઈ અને આરોપીને તેનો બચાવનો પુરાવો રજુ કરતા પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોઈ, આરોપીનું વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ નોંધેલ છે, તેના જણાવ્યા પ્રમાણે તેની

સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટી ફરીયાદ આપેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે અને પોતાને કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તેમ જણાવેલ છે.

(૭) સરકાર પક્ષે વિ.એ.પી.પી શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક દલીલ કરી છે કે આ કામે ફરીયાદી તથા તમામ સાહેદો તરફથી આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવતો પુરતો પુરાવો રજુ કરેલ છે અને ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૮) આરોપી તર્ફે વિ.વકીલશ્રી એ.વી.ચૌહાણનાએ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામની ફરીયાદમાં આરોપીઓના નામ આપવામાં આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતા બનાવ સમયે હાલના આરોપીને ઓળખેલ હોય તેવી કોઈ હકીકત પુરાવામાં જણાવતા નથી. આ કામે બનાવ સમયે હાલનો આરોપી અન્ય આરોપીઓ સાથે મળી લુંટ ધાડ પાડવા આવેલ હોય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. આ કામે પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને રજુ પંચનામા પુરવાર થયેલા નથી. આમ, ફરીયાદ પક્ષ તમામ પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધનો ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના ગુનાઓ નિશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી

મુકવા અરજ કરેલ છે.

(૯) બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૧/૦૫/૨૦૧૧ ના રોજ રાત્રીના કલાક ૧:૩૦ થી ૨:૦૦ વાગ્યાના સુમારે દે.બારીયા શહેરમાં ફરીયાદીના ઘરે લાકડાના ડંડા જેવા મારક હથીયારો સાથે જઈ મેડા ઉપર ચઢી જઈ ફરીયાદીના ભાઈ મહેબુબને ડાબા હાથે તથા માથામાં માર મારેલ તે સમયે ફરીયાદી ત્યાં આવતા તેને પણ માર મારેલ તેમજ ફરીયાદીની માતા અમીનાબીબીને પણ હાથમાં તથા બરડામાં આરોપીએ તથા સહઆરોપીઓએ ધાડ પાડી મારક હથીયારો ધારણ કરી તેમજ ફરીયાદી તથા સાહેદોની તિજોરીમાં રાખેલા રોકડા રૂા.૭૬,૫૦૦/– ની ચલણી નોટોની લુંટ કરી ફરીયાદી તથા સાહેદોને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી ધાડપાડુની ટોળકીમાં સામેલ થઈ પાછળથી પકડાઈ જઈ આ કામના આરોપીએ ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨:– શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાનો નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.ર :– આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

## **<u>–: કા ર ણો :–</u>**

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૨) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ ફરીયાદી સલીમભાઈ અહેમદભાઈ ભીમલાને આંક–૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૩૦/૪/૧૧ ના રોજ રાતના જમી પરવારી હું મારા ઘરે નીચેના રૂમમાં સુઈ ગયેલો અને મારો ભાઈ હુસેન તેના પરીવાર સાથે બાજુના રૂમમાં સુઈ ગયેલ અને મારા મોટા ભાઈ મહેબુબભાઈ તથા મા અમીનાબીની તથા ભત્રીજો સુફીયાન એ રીતેના મેડા ઉપર સુઈ ગયેલા અને રાત્રીના દોઢ–બે વાગ્યાના અરસામાં ધબાધબીનો અવાજ આવતા હું મેડા ઉપર ગયેલો અને ત્યાં મારા ભાઈ મહેબુબભાઈને ચારેક માણસો મારતા હતા અને મને જોઈ મને પણ મારવા લાગેલા અને તેઓ ઘરના પાછળના દરવાજેથી નીકળીને ભાગી ગયેલા. જેથી બનાવ સબંધે મારી માને પુછતા આ ચાર માણસો ઘરમાં આવી તેમના રૂમમાં મુકેલી

તિજોરીમાંથી રૂા.૭૬,૫૦૦/– રોકડા લઈ ગયેલાનું જણાવેલ. આ બનાવમાં ભાઈ મહેબુબને તેમજ મારા ભત્રીજા સુફીયાનને તથા મારી મા અમીનાબીબીને ઈજા થયેલ હોય દે.બારીયા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. આ ચોર લુંટારાઓ વીસ થી પચ્ચીસ વર્ષની ઉંમરના હતા અને તેઓ શર્ટ પેન્ટ પહેરેલા હતા અને તેઓના હાથમાં લાકડાના ડંડા હતા. તેમજ અમારા ઘરની બાજુમાં ફળીયામાં પણ બીજા ચાર પાંચ મકાનોના તે દિવસે તાળા તુટેલા. મે બનાવ સમયે કોઈ આરોપીને ઓળખેલ નથી કે આજે પણ ઓળખી શકું નહી. બનાવ સંબંધી મે દે.બારીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જેમાં મારી સહી છે જે ફરીયાદ આંક–૭ થી રજુ છે. કોર્ટમાં હાજર આરોપી બનાવ વખતે હતો કે કેમ તે હું કહી શકું નહી. બનાવની ફરીયાદ આપ્યા બાદ પોલીસ તપાસમાં મારા ઘરે આવેલી અને મે બનાવવાળી જગ્યા બતાવેલી અને પંચનામું કરેલું. તેમજ પોલીસ ડોગ હેન્ડલર સાથે ડોગ લઈને આવેલી અને તેઓએ તપાસ કરેલી.

બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ થયેલી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ બનેલો તે વખતે મે કોઈને ઓળખેલા નહી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે કોઈ આરોપીને પકડયા હોય અને તે આરોપીને મામલતદારશ્રી રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવું બનેલ નથી અને બનાવ બાદ પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી.

(૧૩) ફરીયાદ પક્ષે સાહેદ નં.ર સુફીયાન તૈયબભાઈ ભીમલાને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે બનાવ આશરે ચાર–પાંચ વર્ષ પહેલા બનેલો. તે વખતે હું જમી પરવારી સુઈ ગયેલા તેમાં મારા કાકા સલીમભાઈ તથા કાકી નીચેના ભાગે સુતેલા હતા અને બીજા રૂમમાં કાકા હુસેનભાઈ તેમના પરીવાર સાથે સુતા હતા અને હું ઉપરના માળે જે રૂમમાં તિજોરી છે તેમાં સુતેલો હતો અને મારી બાજુના રૂમમાં કાકા મહેમુદભાઈ અને દાદી અમીનાબીબી સુતા હતા તે વખતે રાત્રીના બે વાગ્યાના અરસામાં અજાણ્યા ઈસમો મારા રૂમમાં આવેલા અને રૂમમાં મુકેલી તિજોરી ખખડાવવાનો અવાજ આવતા જાગી ગયેલો અને લાઈટ ચાલુ કરવા જતા તેવામાં કોઈકે મારા માથામાં બેટ મારી દીધેલું અને બીજાએ મારા મોં ઉપર નાકના ભાગે મુકો મારી દીધેલો જેથી હું બેભાન જેવો થઈ ગયેલો તે પછી વડોદરા ડૉ. રાજીવ શાહના દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં હું ભાનમાં આવેલો અને ત્યાં મને ત્રણ–ચાર દિવસ માટે સારવાર માટે રાખેલો. આ બનાવમાં મારો મોબાઈલ તેમજ ઘરમાંથી તિજોરીમાંથી રૂા.૭૬,૫૦૦/– ની લુંટ થયેલી. આ બનાવમાં મારા કાકા મહેમુદભાઈ તથા દાદી અમીનાબીબીને ઈજાઓ થયેલી. મે અંધારું હોય કોઈ ઈસમને ઓળખેલા નહી કે આજે ઓળખી શકું તેમ નથી. બનાવની ફરીયાદ મારા કાકાએ આપેલી.

સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન

આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતાંપણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

(૧૪) ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ રીયાઝભાઈ અહેમદભાઈ ભીમલાને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. તે રાતના હું મારા પરીવાર સાથે સુતો હતો અને રાતના બે એક વાગ્યે મારા મોટાભાઈ તૈયબભાઈ અહેમદભાઈ ભીમલાએ મને બનાવની જાણ કરેલી. તેથી હું તાત્કાલીક મારા ભાઈ સલીમભાઈના ઘરે ગયેલો અને જઈને જોયેલ તો મારા મોટાભાઈ મહેબુબભાઈને ડાબા હાથે ઈજા થયેલી તેમજ જમણા પગની ઢાંકણી ઉપર ઈજા થયેલી હતી અને માથામાં પણ ઈજા થયેલી હતી તેમજ મારી માતાને જમણા તથા ડાબા હાથે, કમ્મરના ભાગે, મણકાના ભાગે તથા પગના થાપા ઉપર નાની મોટી ઈજા થયેલી હતી તથા સુફીયાનાના માથાના પાછળના ભાગે, નાક ઉપર તથા ડાબી સાઈડની આંખ ઉપર તેમજ શરીર ઉપર ગેબી મારની ઈજા થયેલી હતી. જેથી મે ચારેય જણાને તાત્કાલીક દે.બારીયા સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ અને ડૉ.સાહેબે સુફીયાન, મહેમુદ અને માતા અમીનાબીબીને વધુ સારવાર માટે વડોદરા લઈ જવાનું કહેતા વડોદરા ડૉ. રાજીવ શાહની હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલા. બનાવ બાબતે મારે સુફીયાન

જોડે વાતચીત થયેલી. તેણે મને જણાવેલ કે બનાવ વખતે હું ઘરમાં હતો તે વખતે તિજોરીનો ખખડવાનો અવાજ આવતા હું ઉભો થઈને લાઈટ ચાલુ કરવા જતા મને કોઈકે માથામાં મારી દીધેલું અને નાક ઉપર પણ મુકકો મારી દીધેલો જેથી હું બેભાન જેવો થઈ ગયેલો તેમ જણાવેલ. સુફીયાને કોઈને ઓળખેલા હોય તેવું જણાવેલ નથી. મહેમુદભાઈ મારા મોટાભાઈ થાય છે અને તેઓ જન્મથી અસ્થિર મગજના છે. આ કામમાં ઈજા પામનાર અમીનાબીબી મારા માતા થાય છે અને હાલ તેઓ પથારીવશ છે જેથી બન્ને અદાલત સુધી આવી શકે તેવી સ્થિતિમાં નથી. બનાવની ફરીયાદ સલીમભાઈએ આપેલી અને પોલીસે મારી પુછપરછ કરેલી. બનાવ મે નજરે જોયેલ નથી.

સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતાંપણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ થયેલી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ અંગે મને કોઈ જાતમાહીતી નથી.

(૧૫) ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ પારસભાઈ શીરીષભાઈ પટેલને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે મુકેશભાઈ અર્જુનભાઈ પરમાર જેઓ ગોલ્લાવમાં

શિક્ષક તરીકે નોકરી કરે છે તેઓ મારા મકાનમાં ભાડે રહેતા હતા અને ચારેક વર્ષ પહેલા મારી પાસે આવેલા અને જણાવેલું કે તમારું સ ટેશન શેરી દેવગઢ બારીયા મુકામે આવેલ મકાનમાં તાળા તુટેલા છે તેવી જાણ થતા મકાને તપાસ કરવા ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો મકાનના તાળા તુટેલા હતા અને અંદર જઈ તપાસ કરતા ઘરમાંથી કોઈ ચોરી થયેલાનું જણાયેલ નહી. તેમજ શેરીમાં પુનાભાઈ લીંબાભાઈ, જશવંતસીંહ તથા અશ્વીનકુમાર રતનસીંહના મકાનોના તાળા પણ તુટેલા હતા. ત્યાં મને એવું જાણવા મળેલ કે ધાનપુર રોડ ઉપર સલીમભાઈ અહેમદભાઈના ઘરે પણ ચોર લુંટારાઓ આવેલા અને ચારેક માણસોને માર મારી લુંટ કરી લઈ ગયેલાનું જાણેલું. આ લુંટ બાબતે સલીમભાઈએ દે.બારીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી તેવું જાણેલું અને મે કોઈ ચોર લુંટારાઓને જોયેલ નથી કે મને કોઈના ઉપર શક વહેમ નથી. હું આરોપીને ઓળખી શકું નહી.

બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ થયેલી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સંબંધી મને કોઈ જાતમાહીતી નથી.

(૧૬) ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ રાકેશભાઈ સોમાભાઈ ભુરીયાને આંક-૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ સીવીલ સપ્લાય ખાતામાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે અને તા.૩૦/૪/૧૧ ના રોજ બપોરના

ત્રણેક વાગ્યે હં મારા વતનમાં જવા નીકળેલ હતો અને વહેલી સવારના સાતેક વાગ્યે મને અમારી બાજુમાં રહેતા ગોવિંદભાઈ ધુળાભાઈ ચૌહાણનાએ મારા મોબાઈલ ઉપર જાણ કરેલી કે તમારા મકાનનું તેમજ આજુબાજુના મકાનોના તાળા તુટેલ છે અને ચોરી થયેલાનું જણાવેલ છે તેવી હકીકત જણાવેલ જેથી મે તાત્કાલીમ મારા ભાડાના ઘરમાં જઈને જોયેલ તો મારા ઘરની તિજોરીમાં રાખેલ એક સોનાનું લોકીટ કિંમત રૂા.૫,૦૦૦/- તથા એક ચાંદીની ઝાંઝરી ચારસો ગ્રામ વજનની જેની કિંમત રૂા.૨,૪૦૦/- તથા રોકડા રૂા.૨૦,૦૦૦/- તથા સાડી નવી નંગ-૧૫ ચોરી થયેલાનું જણાયેલ અને તિજોરીનો બીજો સરસામાન વેરવિખેર થયેલ હતો. ત્યારબાદ જોયેલ તો નીચે રહેતા ત્રણ શિક્ષકોના ઘરોના પણ તાળા તોડી તેમજ મકાનોમાંથી સોના ચાંદીના દાગીના તથા ચાદરની લુંટ થયેલાની હકીકત જાણેલ. પછી ધાનપુર રોડ ઉપર રહેતા સલીમભાઈ અહેમદભાઈના ઘરે પણ ચોરોએ ચાર માણસોને માર મારી રોકડ રૂપીયાની લુંટ કરેલાની અને ચોર લુંટારુઓ વીસ થી પચ્ચીસ વર્ષની ઉંમરના હોવાની હકીકત જાણેલી. બનાવ સંબંધે સલીમભાઈ અહેમદભાઈએ ફરીયાદ આપેલી. ચોર લુંટારુઓ અંગે મને કોઈના ઉપર શક વહેમ નથી. પોલીસે મારો વધારાનો જવાબ લીધેલ.

બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ થયેલી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સંબંધી મને કોઈ જાતમાહીતી નથી.

(૧૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ ઈકબાલ ગુલામહૈદર મનસુરીને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે સને ૨૦૧૧ ની સાલમાં હું સાંજના મારી પત્ની તથા બાળકો સાથે જમી પરવારી સુઈ ગયેલ હતા અને ત્યારબાદ બીજા દિવસે સવારમાં ઉઠી દરવાજાની સ્ટોપર અંદરથી ખોલી દરવાજો બહારની તરફ ખોલવા જતા ખુલેલ નહી અને દરવાજા ઉપર બહારની તરફ સ્ટોપર મારેલાનું જણાયેલ તેથી ઘરની બારી ખોલી જોતા જશવંતસીંહ જોવા મળતા દરવાજો ખોલવાનું જણાવી દરવાજો ખોલેલ અને જોયેલ તો પુનાભાઈ દિપસીંગ પટેલીયા, જશવંતસીંહ સામંતસીંહ ચૌહાણ, રાકેશભાઈ સોમાભાઈ ભુરીયા તથા અશ્વીનકુમાર રતનસીંહ તડવીનાઓના ઘરના દરવાજા તુટેલા હતા અને રાતે ચોરી થયેલ હતી અને સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમની લુંટ થયેલ હોવાનું જાણેલ. દરમ્યાન સલીમભાઈ અહેમદભાઈના ઘરે પણ ચારેક માણસોએ મારામારી કરી રોકડ રૂપીયાની લુંટ કરી હોવાનું જાણેલું. બનાવ સમયે મારા ઘરનો દરવાજો આગળથી બંધ કરેલ હોય લુંટ કરનાર ઈસમો કોણ હતા તે મે જોયેલ નહી કે ઓળખી શકું નહી. પોલીસે મારું નિવેદન લીધેલું.

(૧૮) ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ અશ્વીનકુમાર રતનસીંહ તડવીને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ સીમલાઘાસી પ્રાથમિક શાળામાં શિક્ષક

તરીકે નોકરી કરે છે અને છેલ્લા એક વર્ષથી તાહેરઅલી દાઉદઅલી દુધીયાવાલાના મકાનમાં ભાડેથી રહે છે. તા.૨૫/૪/૧૧ ના રોજ હું મારા વતનમાં ગયેલ હતો અને ત્યારે અમારી બાજુમાં રહેતા પુનાભાઈએ ફોન કરીને જાણ કરેલી કે તમારા મકાનનું તેમજ આજુબાજુના મકાનોના તાળા તુટેલ છે અને ચોરી થયેલાનું જણાયેલ છે તેવી હકીકત જણાવેલ જેથી હું ઘરેથી નીકળી મારા ભાડાના ઘરમાં જઈને જોયેલ તો સામાન વેરવિખેર પડેલ હતો અને કબાટમાં મુકેલ ચાંદીના છડા જોડ–૧ સો ગ્રામ વજનના તથા રોકડા રૂ.૫૦૦/– ચોરી થયેલાનું જણાયેલ. તે દરમ્યાન પુનાભાઈ તથા જશવંતભાઈના ઘરે પણ ચોરી થયેલાનું જાણેલું અને તેઓના ઘરેથી પણ સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી થયેલ હતી અને ત્યારબાદ ચોર લુંટારાઓએ સલીમભાઈના ઘરે પણ ચાર માણસોને માર મારી રોકડ રૂપીયાની લુંટ કરેલાની હકીકત જાણેલી. જે ચોર લુંટારુઓ વીસ થી પચ્ચીસ વર્ષની ઉંમરના પેન્ટ શર્ટ પહેરેલ હોવાનું જાણેલું. આ બનાવ સંબંધે સલીમભાઈ અહેમદભાઈએ ફરીયાદ આપેલી. ચોર લુંટારુઓ અંગે મને કોઈના ઉપર શક વહેમ નથી. પોલીસે મારો વધારાનો જવાબ લીધેલ નથી.

બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ થયેલી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સંબંધી મને કોઈ જાતમાહીતી નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ મે નજરે જોયો નથી.

(૧૯) સદરહું કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે, તેનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ કરી નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે. રજુ થયેલ પુરાવામાં જોતાં, આંક-૭ થી અસલ ફરીયાદ રજુ થયેલ છે. ફરીયાદની ટુંકમાં હકીકત જોતાં ફરીયાદીએ લખાવેલ છે કે, તેઓ તા.૩૦/૪/૧૧ ના રોજ રાતના અગીયાર વાગ્યાના સુમારે જમી પરવારી હું મારા કુટુંબ સાથે મારા ઘરે નીચેના ભાગે રૂમમાં સુઈ ગયેલ અને મારો ભાઈ હુસેનભાઈ તેના પરીવાર સાથે બાજુના રૂમમાં સુઈ ગયેલ અને મેડા ઉપર મારા મોટા ભાઈ મહેબુબભાઈ તથા મા અમીનાબીની તથા ભત્રીજો સુફીયાન એ રીતેના મેડા ઉપર સુઈ ગયેલા દરમ્યાન તા.૧/૫/૨૦૧૧ ના વહેલી પરોઢના રાતના દોઢ બે વાગ્યાના સુમારે અમારા ઘરના મેડા ઉપર ધબાધબીનો અવાજ આવતા હું મેડા ઉપર ગયેલો અને જોયેલ તો મહેબુબભાઈને ચાર માણસો મારતા હતા અને મને જોઈ મને પણ મારવા લાગેલા અને તેઓ ઘરના પાછળના દરવાજે નીકળી વરંડો કુદી જતા રહેલા. આ બનાવ અંગે મારી મા અમીનાબીબીના કહેવાથી જાણેલું કે ચાર માણસો ઘરમાં આવી તેઓ સુતા હતા તે રૂમમાં મુકેલ તિજોરી કબાટમાંથી મુકેલ રૂા.૭૬,૫૦૦/- ની ચલણી નોટો લઈ ગયેલ છે. તે સિવાય સોના ચાંદીના દાગીના કે બીજું કઈ લઈ ગયેલ નથી અને આ ચોર લોકોએ ઘરનો સામાન વેરણ છેરણ કરેલ છે. તેમજ મારા ભાઈ મહેબુબભાઈને માર મારેલ હોય તેમજ ભત્રીજા સુફીયાનને માર મારેલ

હોય તેમજ મારી મા અમીનાબીબીને માર મારેલ હોય તેઓને દે.બારીયા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને આ ચોર લુંટારાઓને જોયેથી ઓળખું છે અને મને જાણવા મળેલ કે અમારા ઘરની બાજુમાં બીજા મહોલ્લામાં પાંચ મકાનના તાળા તુટેલ છે તો આ ચોર લુંટારાઓ વિરૂધ્ધ કાયદેસરની તપાસ થવા ફરીયાદ આપેલ છે, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ છે.

(૨૦) ફરીયાદીની ફરીયાદ આધારે હાલના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું તહોમત છે અને તેથી તે મુજબનો ગુનો પુરવાર થાય છે કે કેમ ? તે હીકકત ધ્યાનમાં લેવાની રહે છે અને તે માટે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક, વિશ્લેષણ તથા ઝીણવટપુર્વકનો અભ્યાસ કરી નિર્ણય પર પહોંચવાનું રહે છે તે માટે સૌપ્રથમ તો ફરીયાદીના પુરાવાની વિચારણા કરવી જરૂરી બને છે. ફરીયાદીનો રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો અને ફરીયાદની હકીકતો વિગેરે ધ્યાનમાં લેતા ફરીયાદી સલીમભાઈ અહેમદભાઈ ભીમલાની કોર્ટ રૂબરૂની આંક–૬ ની સોગંદ ઉપરની જુબાની જોતા બનાવ વખતે રાત્રીના દોઢ –બે વાગ્યાના અરસામાં ધબાધબીનો અવાજ આવતા મેડા ઉપર ગયેલ અને ત્યાં જઈને જોયેલ તો તેના ભાઈ મહેબુબભાઈને ચારેક માણસો મારતા હતા અને મને પણ મારવા લાગેલા અને ઘરના પાછળના

દરવાજેથી નીકળીને ભાગી ગયેલા. બનાવ સબંધે મારી માને પુછતા આ ચાર માણસો ઘરમાં આવી તેમના રૂમમાં મુકેલી તિજોરીમાંથી રૂા.૭૬,૫૦૦/– રોકડા લઈ ગયેલાનું જણાવેલ. આ બનાવમાં ભાઈ મહેબુબને તેમજ મારા ભત્રીજા સુફીયાનને તથા મારી મા અમીનાબીબીને ઈજા થયેલી અને દે.બારીયા સરકારી દવાખાને સારવાર લીધેલી. આ ચોર લુંટારાઓ વીસ થી પચ્ચીસ વર્ષની ઉંમરના હતા અને તેઓ શર્ટ પેન્ટ પહેરેલા હતા અને તેઓના હાથમાં લાકડાના ડંડા હતા. મે બનાવ સમયે કોઈ આરોપીને ઓળખેલ નથી કે આજે પણ ઓળખી શકું નહી. તેમજ કોર્ટમાં હાજર આરોપી બનાવ વખતે હતો કે કેમ તે હું કહી શકું નહી. વધુમાં આ કામે આંક–૭ થી રજુ ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદ ચાર અજાણ્યા ચોર માણસો ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના પેન્ટ શર્ટ પહેરેલા વિરૂધ્ધ આપેલ હોવાનું જણાઈ આવે છે. તદૃઉપરાંત બચાવ પક્ષની ઉલટતપાસમાં એ કબુલ કરેલ છે કે આરોપીની કોઈ ઓળખપરેડ કરાવેલ નથી. આમ, ફરીયાદીના પુરાવા ધ્વારા આરોપીની સંડોવણી સાબીત થઈ શકે તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ સુફીયાન તૈયબભાઈ ભીમલાનો આંક–૧૦ નો પુરાવો જોવામાં આવે તો બનાવ વખતે અંધારું હોવાથી કોઈ ઈસમને ઓળખેલ નહી અને આજે પણ ઓળખી શકું નહી તેમ જણાવેલ છે. સદરહું સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે.

તેવી જ રીતે સાહેદ રીયાઝભાઈ અહેમદભાઈ ભીમલાનો આંક–૧૪ નો પુરાવો તેમજ સાહેદ પારસભાઈ શીરીષભાઈનો આંક–૧૬ નો પુરાવો તેમજ સાહેદ જશવંતસીંહ સામંતસીંહ ચૌહાણનો આંક–૧૯ નો પુરાવો તેમજ સાહેદ રાકેશભાઈ સોમાભાઈનો આંક–૨૦ નો પુરાવો જોતા તેઓએ કોઈ ચોર લુંટારાઓને જોયેલ નથી કે કોઈના ઉપર શક વહેમ નથી કે આરોપીને ઓળખી શકે નહી તેવી સ્પષ્ટ હકીકત જણાવેલ છે. આ તમામ સાહેદોએ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે બનાવ સંબંધી તેમને કોઈ જાત માહીતી નથી. સાહેદ ઈકબાલ ગુલામહૈદર મનસુરીનો આંક–૨૩ નો પુરાવો જોતા બનાવ સમયે તેમના ઘરનો દરવાજો આગળથી બંધ કરેલ હોય લુંટ કરનાર ઈસમોને જોયેલ નહી કે ઓળખી શકું નહી તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદના પુરાવામાં પણ આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી નથી. સાહેદ અશ્વીનકુમાર રતનસીંહ તડવીનો આંક–૨૯ નો પુરાવો જોતા બનાવ વખતે તેઓ વતનમાં ગયા હતા અને બનાવની હકીકત ફોન ઉપર તેમણે જાણેલ છે. આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી અને બનાવ સંબંધી કોઈ જાત માહીતી નથી.

આમ, ફરીયાદ પક્ષના તમામ સાહેદોનો પુરાવો જોતા એ હકીકત સ્પષ્ટ છે અને તેઓ આરોપીની વિરૂધ્ધની કોઈ જ હકીકત જણાવતા નથી. એ હકીકત ધ્યાને લેતા તેઓના પુરાવા ધ્વારા પણ

આરોપીની સંડોવણી પુરવાર થઈ શકે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

સદરહું કામે આંક–૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૯ થી ડોગ હેન્ડલર ધ્વારા ડોગને ટ્રેકીંગ કરાવવા અંગેનું પંચનામું બચાવ પક્ષ તર્ફે આંકે પાડવા સામે વાંધો ન હોય આંકે પાડી પુરાવામાં વંચાણમાં લેવામાં આવેલ છે. પરંતુ પંચનામાના કોઈ પંચ સાહેદોને તપાસેલ નથી.

આ કામે જોવામાં આવે તો ગુનાની તપાસ કરનાર ત.ક.અમલદારને આ કામે તપાસવામાં આવેલ નથી. આ કામે ફરીયાદ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ આપવામાં આવેલ છે. આ કામના આરોપીની કોઈ ઓળખપરેડ કરાવેલ નથી. આ કામના આરોપીની સંડોવણી પુરવાર થઈ શકે તેવી કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવતી નથી. આ ગુનાના કામે આરોપીને કેવી રીતે અને શા માટે સંડોવવામાં આવેલો છે તેની પણ કોઈ જ યોગ્ય સ્પષ્ટતા ફરીયાદ પક્ષ ધ્વારા કરવામાં આવેલ નથી. આ કામના આરોપી વિરુધ્ધના તહોમત અનુસાર એકમાત્ર આ કામના આરોપી જ જવાબદાર છે તેવી હકીકત સબળ અને સચોટ પુરાવા ધ્વારા રેકર્ડ ઉપર આવતી નથી. આરોપીએ પોલીસ સ્ટેશનમાં કરેલ કબુલાતના આધારે આરોપીને આ ગુનાહીત કૃત્ય સાથે સાંકળી લેવામાં આવ્યા હોય તેવું જણાઈ આવે છે. તે હકીકતો ધ્યાને લઈ પ્રોસીકયુશન તરફથી આરોપીએ કબુલાત કરેલી છે અને તે ધ્યાને લઈ યોગ્ય

નિર્ણય કરવા રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ આરોપીએ ગુનાની કોઈ કબુલાત કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી. તદુપરાંત માત્ર માનવા ખાતર માની લેવામાં આવે કે આરોપીએ પોલીસની રૂબરૂમાં કબુલાત કરી હતી તો પણ તેવી કબુલાતનું પુરાવાકીય મુલ્ય કેટલું તે હકીકતની ચર્ચા વિચારણા કરવાની રહે છે.

કબુલાત અંગેની જોગવાઈઓ ભારતીય પુરાવા અધિનિયમમાં કરવામાં આવેલી છે. સામાન્ય રીતે કાયદાકીય જોગવાઈઓ અનુસાર અને પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપી સાહેદ ગણાય નહી અને તેથી આરોપીનું નિવેદન એ પુરાવો ન ગણાય. સ્વીકૃતિ તથા કબુલાત અંગેના પ્રબંધો ભારતીય પુરાવા અધિનિયમની કલમો–૧૭ થી ૩૧ માં આપવામાં આવેલા છે. કયા સંજોગોમાં તથા કોના ધ્વારા સ્વીકૃતિ કરવામાં આવેલી છે તેના ઉપર તેની પ્રસ્તૃતાનો આધાર રહેલો છે. કલમ–૨૪ થી કબુલાત અંગેના પ્રબંધો આપવામાં આવેલા છે. સામાન્ય રીતે કબુલાત બે પ્રકારની હોય છે, એક ન્યાયીક કબુલાત બીજી બાહય કબુલાત. એટલે કે એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેકશન પ્રલોભન, ધમકી કે વચનનાં કારણે કોઈ કબુલાત કરવામાં આવે તો તેના ઉપર આધાર રાખી શકાય નહી અને જો તેવી કબુલાત પર આધાર રાખવામાં આવે તો તેમાં સલામતી નથી. કાનૂન એવી અપેક્ષા રાખે છે કે કોઈ વ્યકિતને ગુનો કબુલ કરવા ફરજ પાડી શકાય નહી અને

સ્વેચ્છાપૂર્વકની કબુલાત જ તેવી કબુલાત છે કે જેના ઉપર અદાલત રાખી શકે. કબુલાત કોઈ પ્રલોભન ધમકી કે વચન આપીને કરાવવામાં આવેલ નથી અને સ્વેચ્છાપૂર્વકની છે તેવું બતાવવામાં આવેલ તો જ તેના પર આધાર રાખી શકાય તે આ કલમનો હાર્દ છે. પ્રલોભન, ધમકી, વચન, લાભ, અનિષ્ટ નિવારી શકાય તેવા તત્વો કબુલાતમાં પ્રવેશે તો તેમાં વ્યકિતની કોઈ ઈચ્છા હોતી નથી. તહોમતદાર કોઈ કારણસર કબુલાત કરે તો તે કબુલાત અપ્રસ્તૃત ગણાય કારણકે તે સ્વેચ્છાપૂર્વકની હોતી નથી. પોતાની વિરૂધ્ધ કોઈ વ્યકિત પુરાવો આપે નહી તે સામાન્ય બાબત છે. કબુલાત ગુનો કરનાર આપે ત્યારે તેને ફરજ પાડવામાં આવેલી છે, પ્રેરવામાં આવેલ છે, કે અધિકાર ધરાવતી વ્યકિત ધ્વારા પ્રલોભન, ધમકી કે વચન આપવામાં આવેલું છે તેવું ફલીત થાય ત્યારે કબુલાતમાં સચ્ચાઈનું તથા સ્વેચ્છાનું તત્વ લુપ્ત થઈ જાય છે. આરોપી કબુલાત કરે ત્યારે તે કબુલાત કરવા બંધાયેલ નથી અને તેવી કબુલાત તેની વિરૂધ્ધમાં ઉપયોગમાં લઈ શકાશે તેવી તેને જાણ કરવામાં આવેલી હોય તે જરૂરી છે. કબુલાતના વિષય ઉપર અસંખ્ય માર્ગદર્શક ચુકાદાઓ છે અને કબુલાત સ્વેચ્છીક હોય તો તેને માની આધાર રાખી શકાય અને તેમ છતાં કબુલાત એ નબળો પુરાવો છે અને કબુલાતને અન્ય પુરાવાથી સમર્થન મળવું જરૂર છે તે મુજબ આ કામે જોતા માત્ર માનવા ખાતર માની લેવામાં આવે કે આરોપીએ ફરીયાદ મુજબની કબુલાત કરી હતી તો પણ

ઉપર જણાવ્યા મુજબની કાયદાકીય જોગવાઈ મુજબની કબુલાત હોવાનું પ્રોસીક્યુશન પુરવાર કરી શકેલ નથી અને તેથી એકમાત્ર આરોપીએ કબુલાત કરેલી છે તેવું માની લેવામાં આવે તો પણ તેના કારણે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવી કબુલાતને સમર્થન આપતો કોઈ જ પુરાવો આ કામે રેકર્ડ પર આવતો નથી. પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો અનુસારની અને કાયદાકીય જોગવાઈ અનુસારની કબુલાત નથી અને તેથી તેવી કબુલાત પ્રસ્તૃત નથી.

તે હકીકત ધ્યાને લેતા કોઈપણ સંજોગોમાં ફરીયાદ મુજબની કબુલાત કે આરોપીની સ્વેચ્છાપૂર્વકની કબુલાત હોવાનુ કોઈપણ રીતે ફલીત થતુ નથી અને તે હકીકત ધ્યાને લેતા તેવી કબુલાત નબળો પુરાવો હોવાનુ પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સ્પષ્ટ થાય છે અને તેથી કાયદાકીય જોગાવઈઓ અનુસાર તેમજ પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર તેના ઉપર કોઈપણ સંજોગોમા આધાર રાખી શકાય નહી અને તેથી અન્ય સમર્થનીય સબળ અને સચોટ પુરાવાની આવશ્યકતા જણાઈ આવે છે. પરંતું તેવો કોઈ જ પુરાવો આ કામે રેકર્ડ ઉપર આવતો નથી. સામાન્ય રીતે યોગ્ય રીતે કબુલાત માટે કિ.પ્રો.કો કલમ–૧૬૪ માં જોગવાઈ કરવામાં આવેલી છે પરંતુ તે મુજબ આરોપીની કબુલાત મેળવવા માટેના કોઈ પ્રયત્નો કરેલા હોય તેવી કોઈ જ હકીકત આ કામે રેકર્ડ ઉપર આવતી નથી. આમ, રેકર્ડ ઉપર જે સમગ્ર પુરાવો આવેલો છે તે જોતા, આ કામે કોઈ જ ડાયરેકટ એવીડન્સ રેકર્ડ ઉપર

આવતો નથી. આ કામે નજરે જોનાર સાહેદ ફરીયાદી તથા ફરીયાદીના ઘરના અન્ય સભ્યોનો પુરાવો જોતા આ કામના આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી નથી.

ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતા આ કામે ડાયરેકટ એવીડન્સ અસ્તિત્વમાં નથી તે હકીકત નિર્વિવાદ છે અને ત્યારે તેવા સંજોગોમાં સાંયોગિક પુરાવો ધ્યાને લઈ નિર્ણય કરવાનો રહે છે. ઉપર ચર્ચા કરી તે અનુસાર સાંયોગિક પુરાવામાં તમામ કડી એકબીજાની સાથે સુસંગત હોવી જોઈએ. જો સાંયોગિક પુરાવાની એકપણ ચેઈન મીસ થતી હોય તો તેવા સંજોગોમાં, તેવો સાંયોગિક પુરાવો સુસંગત હોવાનું કોઈપણ સંજોગોમાં કહી શકાય નહીં. સામાન્ય રીતે એક અનુમાન કે શંકા ગમે તેટલી સબળ અને મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહીં અને પુરાવા દરમ્યાન જયારે પણ શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને આવે તો, જ સાચો ન્યાય કર્યો કહેવાય. ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની સંડોવણી પુરવાર થઈ શકે તેવો કોઈ સબળ, સચોટ અને સાંયોગિક પુરાવો પણ અસ્તિત્વમાં હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી.

આ કામે જે કારણસર આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી લુંટ, ધાડ કરેલ છે તેવી શંકા ઉપસ્થિત કરવામાં આવેલ છે તે મુજબના કારણનું અસ્તિતવ હોવાનું યોગ્ય અને વાજબી પુરાવા ધ્વારા પુરવાર થઈ શકેલ નથી. કાયદાકીય જોગવાઈઓ મુજબ એક

અનુમાન શંકા ગમે તેટલા મજબુત હોય તો પણ તે સાબિતીનું સ્વરૂપ લઈ શકે નહીં. આ તમામ સંજોગો નિર્ણાયક હોય. આમ, તે મુજબ જોતા આ કામે તેવા સંજોગો અસ્તિત્વમાં હોવાની કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલી નથી. આ કામે તમામ શંકાસ્પદ અને સંડોવણી બતાવતા સંજોગો સ્પષ્ટપણે એસ્ટાબ્લીસ થવા જોઈએ અને તે પણ વિશ્વસનીય પુરાવા દવારા પુરવાર થવા જોઈએ અને તેવા પુરાવાનું મુલ્યાંકન અને વિશ્લેષણ કરતા પહેલા કોર્ટે યોગ્ય કાળજી રાખવી જોઈએ, તે મુજબ જોતા આ કામે એવા કોઈ સંજોગોનું અસ્તિત્વ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી અને તેથી તેવા કોઈ સાંયોગીક પુરાવો આ કામે રેકર્ડ પર નથી તેવું કહેવામાં આવે તો તેમાં કોઈ અતિશયોકિત નથી, અને તેથી તે હકીકતો ધ્યાનમાં લેતા આ કામે તેવા સાંયોગિક પુરાવાનું અસ્તિત્વ માનીને અને તેવો સાંયોગિક પુરાવો પુરવાર થયેલો માનીને આરોપીને સજા કરવાના નિષ્કર્ષ ઉપર પહોંચી શકાય તેવા આ કામે કોઈ સંજોગો નથી.

સાંયોગિક પુરાવો આ શબ્દ માટે અનેક ચુકાદાઓ ઉપલબ્ધ છે, સાંયોગિક પુરાવો એવું કોઈ વર્ગીકરણ કે પ્રકાર પુરાવા અધિનિયમમાં નથી, પરંતું પુરાવો રજુ થાય તે પરથી આ પ્રકાર નકકી થાય છે. બનાવ જોનાર વ્યકિત હોતી નથી, પરંતું કૃત્ય કરનારનું ગુનો કર્યા પહેલાનું અને ત્યાર પછીના વર્તન વિગેરે સંજોગો કડીબધ્ધ રીતે ગોઠવાતા જાય છે અને ગુનો આચરનાર સિવાય અન્ય કોઈ વ્યકિત ન હતી તેવી વિવિધ કડીરૂપ પુરાવો સાંયોગિક પુરાવાની

સાંકળ બની જાય છે. આ કડી તુટે તો તેવા પુરાવા પર આધાર રાખવો સલામત ગણાય નહીં. મહત્વની બાબત વિશ્વસનીયતા છે જે પુરાવાના મુલ્યાંકનમાં મહત્વનો ભાગ ભજવે છે. સાંયોગિક પુરાવામાં બે ચાર હકીકત મહત્વની નથી, પરંતું તમામ હકીકતો ની કડીબધ્ધતા અગત્યની બની જાય છે. આવા પુરાવાને પરોક્ષ પુરાવા તરીકે પણ ઓળખી શકાય. આ પ્રકારના પુરાવામાં મહત્વનું લક્ષણ તમામ સંજોગોની કડીબધ્ધતા છે અને તેથી જ તે તમામ હકીકતોને ધ્યાનમાં લઈને સદરહું કામે જોવામાં આવે તો તેવા કોઈ સંજોગોનું અસ્તિત્વ હોવાનું રેકર્ડ ઉપરથી એસ્ટાબ્લીસ થતું નથી અને તેથી તેવી હકીકત સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી. જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કુત સમાજમાં આરોપી સામેનું તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર

કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદ પક્ષનો કેસ સાચો છે અને સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે. શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામે જોવામાં આવે તો, આરોપી વિરુધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી અને માત્ર અનુમાનથી આરોપીને સજા કરવાના નિષ્કર્ષ ઉપર પહોંચી શકાય નહી અને તેથી સદરહું સમગ્ર ચર્ચા ધ્યાનમાં લેવામાં આવે તો આરોપી વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી અને જયારે સંશયને અવકાશ રહે છે ત્યારે કાયદાકીય જોગવાઈ અનુસાર ચોકકસપણે આ કામના આરોપી તેનો લાભ મેળવવા માટે હકકદાર

બને છે.

આમ, ફરીયાદ પક્ષનો તમામ પુરાવો જોતા આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી મારક હથીયારો ધારણ કરી ફરીયાદી સાહેદોના ઘરે જઈ ફરીયાદી સાહેદોને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરીયાદી સાહેદોની તિજોરીમાં રાખેલા રોકડા રૂા.૭૬,૫૦૦/– ની ચલણી નોટોની લુંટ કરી ધાડ પાડી નાસી જઈ આ કામના આરોપીએ ઈ. પી. કો. ક. ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના ગુનાના આક્ષેપો નિ:શંકપણે પુરવાર થતા નથી અને તેથી તેઓને ઉપર જે સમગ્ર ચર્ચાઓ કરવામાં આવેલી છે, તેના અનુસંધાને તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમાં લઈ પુરાવાના અભાવે શંકાનો લાભ આપવા માટેના યોગ્ય અને ઉચીત કારણો જણાઈ આવે છે અને તેથી આરોપીને તેઓની વિરુધ્ધના ગુનાઓમાંથી શંકાનો લાભ આપવામાં આવે છે અને **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપી, **મુદ્દા નં.૨ અંગે** આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો **નીચે મુજબનો આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

➢ આ કામના આરોપી કલેશભાઈ માધુભાઈ ભુરીયા, રહે.બીલીયા, તા.ધાનપુર, જી.દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની સામેના ઈ.

પી. કો. કલમ– ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- ➢ આરોપીના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.
- ➢ આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવા.
- ➢ હુકમ આજ તા.૧૦ મી, માહે ઓકટોબર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : લીમખેડા,(જી.દાહોદ)
તારીખ : ૧૦/૧૦/૨૦૨૨

**(ભૂપેશકુમાર શંભુભાઈ પરમાર)**
એડીશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00382